# અનુસુચિત જાતિના જરૂરિયાતમંદ લોકો માટે કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓ

જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખા દ્વારા હાથ ધરવામાં આવેલ અનુસુચિત જાતિના ઉત્કર્ષની યોજનાઓ મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે.

૧. શૈક્ષણિક

૨. ગૃહનિર્માણ

૩. આર્થિક ઉત્કર્ષ

## ૧.શૈક્ષણિક :-

અનુસુચિત જાતિના શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને છાત્રવૃતિ, શિષ્યવૃતિ અને પરીક્ષા ફી, શિક્ષણ ફી ની સવલતો સરકારશ્રીએ નકકી કરેલ ધારાધોરણો મુજબ આપવામાં આવેલ છે. પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિની યોજના હેઠળ અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમનાં મા-બાપ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા છે તેવા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક  શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવામાં આવે છે. સદરહું યોજનાનો લાભ ડી.બી.ટી માધ્યમ દ્વારા વિદ્યાર્થીના સીધા બેંક ખાતામાં આપવામાં આવે છે. આ પ્રકારની વિભીન્ન શૈક્ષણિક યોજનાઓ નીચે પ્રમાણે છે.

**(A) પરિક્ષિતલાલ મજમુદાર પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ ;-**

- ગ્રાંટ-ઇન-એઇડ, સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને ધોરણે – ૧ થી ૫ માં કુમાર /કન્યા  તથા ધો-૬ થી ૮ કુમારને રૂ.૫૦૦/-
- ધોરણ ૬ થી ૮ કન્યાને રૂ. ૭૫૦/-
- ધો- ૯ થી ૧૦માં કન્યા અને કુમારને રૂ|. ૭૫૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- શિષ્યવૃતિ આ યોજનામાં આવક મર્યાદા નથી.

**(B) ધોરણ ૯-૧૦ના અનુ.જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની શિષ્યવૃત્તિ ;-**

- ખાનગી ગ્રાંટ-ઇન-એઇડ તેમજ સરકારી શાળાઓમાં ભણતા ધોરણ ૯-૧૦ ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ૧૦ માસ માટે ડેસ્કોલર (માસિક) રૂ. ૨૨૫/- ઉપરાંત રૂ. ૭૫૦/- વાર્ષિક એડહોક હોસ્ટેલર (માસિક) રૂ. ૫૨૫/- ઉપરાંત રૂ.૧૦૦૦/-  વાર્ષિક એડહોક શિષ્યવૃતિ આપવામાં આવે છે. આ શિષ્યવૃતિ યોજનામાં વાલીની આવક મર્યાદા વાર્ષિક રૂ. ૨.૫૦ લાખ છે.

**(C) અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના પૂર્વ એસ.એસ.સી. માં અભ્યાસ કરતાં બાળકોને મુનિ મેતરાજ શિષ્યવૃત્તિ**

- સફાઇકામ, ચામડું કમાવવું, કચરો વીણવો જેવા અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના બાળકોને ભારત સરકારની સુધારેલી યોજના પ્રમાણે ધો ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨૨૫/- તથા વાર્ષિક રૂ. ૭૫૦/- એડહોક, જ્યારે હોસ્ટેલરને ધો. ૩ થી ૧૦માં માસિક રૂ. ૭૦૦/- તથા વાર્ષિક રૂ. ૧૦૦૦/- એડહોક શિષ્યવૃત્તિ તરીકે આપવામાં આવે છે.

**(D) ત્રણ જોડી ગણવેશ માટે સહાય:-**

- ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ ખરીદવા માટે આ યોજના હેઠળ કુલ રૂ|. ૬૦૦/- ની સહાય આપવામાં આવે છે.

- વાર્ષિક આવક મર્યાદા નથી.

**(E) માત્ર અનુસુચિત જાતિ પૈકી અતિપછાત જાતિને શિષ્યવૃત્તિ સહાય:-**

- ધોરણ ૧ થી ૮ના સરકારી, ખાનગી, અનુદાનિત શાળા તથા આશ્રમશાળાઓમાં અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ, આપવામાં આવે છે જેમાં કુમાર/કન્યા રૂ. ૭૫૦/- શિષ્યવૃતિ આપવાઆં આવે છે. (આવક મર્યાદા નથી)
- ધોરણ ૯ થી ૧૦ના સરકારી, ખાનગી, અનુદાનિત શાળા તથા આશ્રમશાળાઓમાં અનુ.જાતિ અતિપછાત જાતિના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ, આપવામાં આવે છે. જેમાં કુમાર/કન્યા રૂ. ૧૦૦૦/- શિષ્યવુતિ આપવામાં આવે છે. (આવક મર્યાદા નથી)

**(F) સરસ્વતી સાધના યોજના:-**

- કન્યા કેળવણીને ઉતેજન આપવાના હેતુથી માધ્યમીક શાળાઓમાં ધો-૯માં અભ્યાસ કરતી અનુ.જાતિની વિદ્યાર્થીઓને, તેમના નિવાસસ્થાનેથી શાળાનું અંતર ધ્યાને લીધા સિવાય, આવ-જા કરવા માટે સાયકલ ભેટ આપવામાં આવે છે.
- સદરહું યોજના હેઠળ અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન કુલ ૨૦૫૩ સાયકલો અનુ.જાતિની કન્યાઓને આપવામાં આવેલ છે.
- ધો-૯માં અભ્યાસ કરતી અનુ.જાતિની વિદ્યાર્થીનીઓ માટે.
- આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.1.20 લાખ અને શહેરી વિસ્તાર માટે રૂ.1.50 લાખ.

**(G) સુબેદાર રામજી ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલય યોજના:-**

- સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓનું ભોજન ખર્ચ, વેતન ગ્રાન્ટ, મકાન ભાડું વગેરે માટે અનુદાન ચૂકવાય છે. વિદ્યાર્થીઓને રહેવા-જમવાની સવલત વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. નિભાવ ખર્ચ માટે વિદ્યાર્થી દીઠ માસિક રૂ. ૧૫૦૦ પ્રમાણે ગ્રાન્ટ આપવામાં છે. છાત્રાલયમાં પ્રવેશ માટે વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧.૨૦ લાખ છે.

ઉપલા વર્ગોમાં અભ્યાસ કરી શકે તે માટે જે વિધાર્થીઓને પોતાના ગામમાં ભણવાની સગવડતા ન હોય તો તેઓ છાત્રાલયમાં રહી અભ્યાસ કરી શકે તે માટે રહેવાની, જમવાની સગવડ આપવામાં આવે છે. આવા છાત્રાલયો ચલાવતી સ્વૈચ્છિક સંસ્થાઓને છાત્ર દીઠ માસિક **રૂા.1500/-**ની મર્યાદામાં રહીને માન્ય સંખ્યાના આધારે ૧૦ માસ સહાય આપવામાં આવે છે. ઉપરાંત કર્મચારી વેતનગ્રાન્ટ, મકાનભાડા ગ્રાન્ટ નિયમોનુસાર સંસ્થાને ચૂકવવામાં આવે છે.

## ૨.વસવાટ :-

આ સદર નીચેની યોજનાઓ મુખ્યત્વે મકાન બાંધકામ અંગેની (ડો.આંબેડકર આવાસ) યોજનાનો સમાવેશ કરવામાં આવે છે. અનુસુચિત જાતિમાં સમાવિષ્ટ કુટુંબોને જ કે જેઓ પાસે રહેવા લાયક ઘર/મકાન ન હોય, પોતાનું જર્જરિત મકાન ધરાવતા હોય, પોતાનો ખુલ્લો પ્લોટ હોય તેવા ઇસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધવા માટે ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં સમાન ધોરણે રૂ.1,20,000/- સહાય આપવામાં આવે છે. તેમજ ટોયલેટ બ્લોક માટે રૂ. 12,000/- યોજનાના નિયમ પ્રમાણે આપવામાં આવે છે.

- આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.1.20 લાખ અને શહેરી વિસ્તાર માટે રૂ.1.50 લાખ.
- અતિપછાત જાતિઓ માટે આવક મર્યાદાનું ધોરણ નથી.
- સ્વતંત્ર માલિકીનો પ્લોટ/જર્જરિત, રહેવા લાયક મકાન ન હોય તેવા લાભાર્થીઓ.

## ૩.આર્થિક ઉત્કર્ષ:-

અનુસુચિત જાતિના લોકો માટે આર્થિક ઉત્કર્ષ અર્થે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિવિધ યોજના અમલમાં છે.

**(A)કુંવરબાઇનું મામેરૂ યોજના:-**

અનુસુચિત જાતિઓના કુટુંબની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે મામેરા માટે રૂ.10,000 આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન કુલ **289** લાભાર્થીઓને રૂ.**28,90,000/-** ની સહાય ચૂકવવામાં આવેલ છે.

- આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.1.20 લાખ અને શહેરી વિસ્તાર માટે રૂ.1.50 લાખ.
- લગ્ન થયા તારીખથી ૨(બે) વર્ષમાં અરજી કરવાની રહેશે

**(B) માઇ રમાબાઇ આંબેડકર સાત ફેરા સમુહ લગ્નની યોજના:-**

આ યોજનામાં સમુહ લગ્નમાં જોડાનાર દંપતીને રૂ.10,000ની સહાય આપવામાં આવે છે. જ્યારે આયોજન કરનાર સંસ્થાને યુગલદીઠ રૂ. 2,000/- પ્રમાણે 10 કરતાં વધુ યુગલો માટે વધુમાં વધુ રૂ.50,000 પ્રોત્સાહન પેટે આપવામાં આવે છે.

- સમુહ લગ્નમાં જોડાયેલ હોવા જોઇએ.
- યુગલ લગ્ન માટેની નિયત વય ધરાવતા હોવા જોઇએ.
- આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.1.20 લાખ અને શહેરી વિસ્તાર માટે રૂ.1.50 લાખ.
- 10 કરતાં વધુ યુગલો માટે સમૂહલગ્ન થયેલાં હોય તો સંસ્થાને સહાય મળવાપાત્ર રહેશે.

**(C) સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય:-**

આ યોજના હેઠળ કફન, કાઠી સહાય માટે રૂ.5,000 ની સહાય આપવામાં આવે છે.

- આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.1.20 લાખ અને શહેરી વિસ્તાર માટે રૂ.1.50 લાખ.
- આ યોજના હેઠળ કુટુંબના સભ્યના મૃત્યુ બાદ લાભાર્થીએ ૬(છ) માસમાં અરજી કરવાની હોય છે.